પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૭૯ | ૨૧ ડિસેમ્બર, ૨૦૨૨, બુધવાર; માગશર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# શોપિયામાં ૩ આતંકવાદીઓ ઠાર

**એકે-૪૭ સહિત હથિયારો મળી આવ્યા : આ આતંકવાદીઓ કાશ્મીરી પંડિત પુરણ કૃષ્ણ ભટ, અનંતનાગના ઉમર નઝીર અને નેપાળના તિલ બહાદુર થાપાની હત્યામાં સામેલ હતા : જમ્મુ-કાશ્મીરમાં ભારતીય સેના સતત આતંકવાદીઓને ખતમ કરવામાં લાગેલી છે**



નવી દિલ્હી,તા.૨૦

જમ્મુ-કાશ્મીરના શોપિયન જિલ્લાના મુંઝ માર્ગ વિસ્તારમાં શંકાસ્પદ આતંકવાદીઓ સાથે સુરક્ષા દળોની અથડામણના સમાચાર છે. આ વિસ્તારમાં ૨-૩ આતંકવાદીઓની હાજરી હોવાની આશંકા છે. કહેવામાં આવી રહ્યું છે કે સુરક્ષા દળોની તરફથી એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. છુપાયેલા આતંકવાદીઓને પકડવા માટે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. ADGP કાશ્મીરે માહિતી આપી છે કે લશ્કર-એ-તૈયબા આતંકવાદી સંગઠન સાથે જોડાયેલા ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. માર્યા ગયેલા ત્રણ આતંકીઓમાંથી બેની ઓળખ શોપિયાના લતીફ લોન વિસ્તારના રહેવાસી તરીકે થઈ છે. આ આતંકવાદીઓ કાશ્મીરી પંડિત પુરણ કૃષ્ણ ભટ, અનંતનાગના ઉમર નઝીર અને નેપાળના તિલ બહાદુર થાપાની હત્યામાં સામેલ હતા. આતંકીઓ પાસેથી એક છદ્ધ ૪૭ રાઈફલ અને ૨ પિસ્તોલ મળી આવી છે. કહેવામાં આવ્યું છે કે જ્યારે પોલીસ સર્ચ ઓપરેશન કરી રહી હતી ત્યારે આતંકીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો. આ

● અનુસંધાન પાન-૭ પર

## હંગામો કરનારા સાંસદોને અધ્યક્ષે કહ્યું, આપણી પર દેશની ૧૩૫ કરોડ જનતા હસી રહી છે

**ખડગેના નિવેદન પર રાજ્યસભામાં ભારે હોબાળો : કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ભાષણ દરમિયાન ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધનના સભ્યોએ હોબાળો મચાવતાં જગદીપ ધનખડ ગુસ્સે થયા**

નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે તેમના નિવેદનમાં કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો સ્વતંત્રતામાં કોઈ ફાળો રહેલો નથી.. આ વાત પર ઘર્ષણ થયું ત્યારે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે સાંસદોને યાદ અપાવવા માટે રાજ્યસભામાં તેમની બેઠક પરથી ઉઠવું પડ્યું હતું અને તેમણે કહ્યું કે, આપણે હવે બાળકો નથી... રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે ગૃહમાં કહ્યું, આપણે ખૂબ જ ખરાબ ઉદાહરણ સ્થાપિત કરી રહ્યા છીએ. અહીંના લોકોનો મોહભંગ થઈ રહ્યો છે. આ પ્રકારનું પ્રદર્શન આપણને ખૂબ બદનામ કરે છે.સીટ પરથી ઉભા થઈને સત્તાધારી પક્ષ અને વિપક્ષની બેન્ચો તરફ વારાફરતી ઈશારો કરીને તેમણે શોરબકોર વચ્ચે પોતાની વાત રાખવાનો પ્રયાસ કર્યો, પછી તેમણે કહ્યું, તમે લોકો સીટ પરથી જે કહેવામાં આવે છે તે પણ માનતા નથી. હાલ સદનનું વાતાવરણ



કેટલું દર્દનાક બની ગયું છે. મારો વિશ્વાસ કરો, ૧૩૫ કરોડ લોકો આપણા પર હસી રહ્યા છે. તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને કહ્યું - આપણે કયા સ્તરે ઝૂકી ગયા છીએ.રાજ્યસભાના અધ્યક્ષે રાજસ્થાનની રેલીમાં કરેલા દાવાને પુનરાવર્તિત કર્યા પછી વિપક્ષના નેતા અને કોંગ્રેસના અધ્યક્ષ

● અનુસંધાન પાન-૭ પર

## દેશના પાંચ રાજ્યમાં કોલ્ડવેવની આગાહી

**દિલ્હી, પંજાબ અને હિમાચલ સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં તાપમાન સતત નીચે : હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હિમાચલ, પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ અને ઉત્તર રાજસ્થાનમાં ૨૧ ડિસેમ્બરથી શીત લહેરનો પ્રકોપ જોવા મળી શકે છે**

નવી દિલ્હી, તા.૨૦

દેશના અનેક રાજ્યોમાં ઠંડીનો કહેર વધી રહ્યો છે. ખાસ કરીને દિલ્હી, પંજાબ અને હિમાચલ સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં તાપમાન સતત નીચે જઈ રહ્યું છે. મેદાનોમાં ધુમ્મસ એટલું ગાઢ છે કે દૃશ્યતા ઘટીને ૧૦૦ મીટરથી ઓછી થઈ ગઈ છે. રસ્તાઓ પર વાહનો રખડતા જોવા મળે છે. તે જ સમયે, કેટલાક રાજ્યોમાં વરસાદની સંભાવના છે.દેશમાં ૨૧ ડિસેમ્બરથી શીત લહેરનો પ્રકોપ જોવા મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હિમાચલ, પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ અને ઉત્તર રાજસ્થાનમાં આગામી પાંચ દિવસ સુધી કોલ્ડવેવની અસર જોવા મળી શકે છે. સવારના સમયે પવનની ગતિ પણ વધુ રહેશે.

હવામાન વિભાગે ૨૦ ડિસેમ્બરે ઘણા શહેરોની વિઝિબિલિટી રિપોર્ટ શેર કર્યો છે. દિલ્હીના પાલમમાં સવારે ૫.૩૦ વાગ્યે વિઝિબિલિટી ૨૫ મીટર હતી જ્યારે સફદરજંગમાં ૫૦ મીટર હતી. અત્યંત ગાઢ ધુમ્મસને કારણે પંજાબના ભટિંડામાં ઝીરો વિઝિબિલિટી જોવા મળી હતી. અમૃતસર, પટિયાલા અને લખનૌમાં વિઝિબિલિટી ૨૫ મીટર નોંધાઈ છે.

## આઈઆઈટી ફેકલ્ટીની ભરતીમાં અનામતનો અમલ કરવા કેન્દ્રને નિર્દેશ

**સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ નિર્દેશ : આઇઆઇટીમાં અનુસુચિત જાતિ માટે ૧૫ ટકા, અનુસુચિત જન જાતિ માટે ૧૭ ટકા અને ઓબીસીને ૨૭ ટકા અનામત આપવાની જોગવાઇ છે**

નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને સેન્ટ્રલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુશન્સ (રિઝર્વેશન ઈન ટીચર્સ કેડર) એક્ટ, ૨૦૧૯ હેઠળ આઈઆઈટીમાં રિસર્ચ ડિગ્રી પ્રોગ્રામમાં એડમિશન અને ફેકલ્ટી મેમ્બરની ભરતીમાં અનામત નીતિનો અમલ કરવાના નિર્દેશ આપ્યા છે.

સુપ્રીમ કોર્ટે એસ એન પાંડે નામની એક વ્યકિત દ્વારા દાખલ અરજી પર સુનાવણી કરતા આ નિર્દેશ આપ્યા હતાં. અરજીમાં કેન્દ્ર સરકાર અને આઈઆઈટીના રિસર્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ અને ફેકલ્ટી મેમ્બરની ભરતીની સંબધમાં અનામત નીતિનું પાલન કરવાના નિર્દેશ આપવાની માગ કરવામાં આવી હતી.

અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે આઈઆઈટી જેવા કેન્દ્રીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં દિશા-નિર્દેશોનો ભંગ કરવામાં આવી રહ્યો છે. આ અંગે સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે સંબધિત પક્ષકારોને અનામતનું પાલન કરવા અને સેન્ટ્રલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુશન્સ (રિઝર્વેશન ઈન ટીચર્સ કેડર) એક્ટ, ૨૦૧૯ હેઠળ આપવામાં આવેલા અનામત અનુસાર કાર્ય કરવાના નિર્દેશ આપવામાં આવે છે.

## વડનગર અને મોઢેરાના સૂર્ય મંદિરને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન

**ગુજરાતના સમૃદ્ધ અને ઐતિહાસિક વારસાની ફરી એક વાર આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે, જેમાં ભારતના ત્રણ ઐતિહાસિક સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાંથી બે સ્થળો ગુજરાતના છે**





ગુજરાતની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે. ગુજરાતના સમૃદ્ધ અને ઐતિહાસિક વારસાની ફરી એક વાર આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે. મોઢેરાના સૂર્ય મંદિર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન વડનગરને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળ્યું છે. અગાઉ આ શ્રેણીમાં અમદાવાદ શહેર, ચાંપાનેર, ધોળાવીરા તેમજ પાટણની રાણકી વાવને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળી ચૂક્યો છે. ગુજરાતના સમૃદ્ધ અને ઐતિહાસિક વારસાની ફરી એક વાર આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે, જેમાં ભારતના ત્રણ ઐતિહાસિક સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાંથી બે સ્થળો ગુજરાતના છે. યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટની યાદીમાં વડનગર –ઐતિહાસિક શહેર, મોઢેરાનું સૂર્ય મંદિર અને ત્રિપુરાના ઉનાકોટીના રોક-કટ શિલ્પોનો પણ વર્લ્ડ હેરિટેક સાઈટની કામચલાઉ યાદીમાં સામેવશ કરવામાં આવ્યો છે.

## હરિયાણામાં કોઈ પણ મહિલા કે પુરુષ લગ્ન માટે પોતાનો ધર્મ બદલી શકશે નહીં

**હરિયાણામાં લગ્ન માટે ધર્મ પરિવર્તનને લગતો કાયદો : નોટિફિકેશન મુજબ બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવા પર સખત સજાની જોગવાઈ કરવામાં આવી**

ચંદીગઢ, તા.૨૦

દેશભરમાં બળજબરીથી ધર્માંતરણના કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે. ઘણા રાજ્યોએ આ અંગે કાયદા પણ બનાવ્યા છે. હવે, હરિયાણામાં લગ્ન માટે ધર્મ પરિવર્તનને લગતો કાયદો અમલમાં આવ્યો છે. આજે હરિયાણાના રાજ્યપાલે ધર્મ પરિવર્તન પર પ્રતિબંધ લગાવતા કાયદાને મંજૂરી આપી દીધી છે. આવી સ્થિતિમાં હરિયાણામાં કોઈ પણ મહિલા કે પુરુષ લગ્ન માટે પોતાનો ધર્મ બદલી શકશે નહીં. હરિયાણા સરકાર દ્વારા આ સંબંધમાં એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. નોટિફિકેશન મુજબ બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવા પર સખત સજાની જોગવાઈ કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ કાયદાનું ઉલ્લંઘન કરે છે. તો તેને ૧૦ વર્ષની સજા અને ૫ લાખ સુધીનો દંડ થઈ શકે છે.

● અનુસંધાન પાન-૭ પર






## ચીનમાં કોરોના વકરતા, ભારત પર પણ મહામારીના સંકટની ચેતવણી

**કોવિડ-૧૯ના નિયંત્રણ હળવા કરવા સાથે કેસમાં ઝડપી વધારો : રોગચાળાના નિષ્ણાતોનો અંદાજ છે કે આગામી ૯૦ દિવસમાં ચીનના ૬૦ ટકાથી વધુ અને પૃથ્વીની ૧૦ ટકા વસતી સંક્રમિત થવાની સંભાવના છે અને લાખો લોકો મૃત્યુ પામી શકે છે**

નવી દિલ્હી, તા.૨૦

ફરી એકવાર ચીન કોરોનાની ઝપેટમાં આવી ગયું છે. કોવિડ-૧૯ના નિયંત્રણો હળવા કર્યા બાદ ચીનમાં કોરોના વાયરસના કેસમાં ઝડપથી વધારો થયો છે. માત્ર ચીન જ નહીં, યુરોપ સહિત ઘણા દેશોમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. રોગચાળાના નિષ્ણાતોનો અંદાજ છે કે આગામી ૯૦ દિવસમાં ચીનના ૬૦ ટકાથી વધુ અને પૃથ્વીની ૧૦ ટકા વસ્તી સંક્રમિત થવાની સંભાવના છે અને લાખો લોકો મૃત્યુ પામી શકે છે.

ચીનની રાજધાની બેઈજિંગમાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે. ચીનમાં સ્થિતિ એટલી બેકાબૂ બની ગઈ છે કે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીએ તો ત્યાં સુધી કહ્યું છે કે જેને ચેપ લાગવો હોય તેને ચેપ લાગવા દો, જેને મરવાની જરૂર છે તેને મરવા દો. સ્વાસ્થ્ય નિષ્ણાતે એવો પણ દાવો કર્યો છે કે હવે ચીનમાં સંક્રમિત લોકોની સંખ્યા એક દિવસમાં બમણી થઈ શકે છે.

સૌથી મોટી ચિંતા એ છે કે શું ભારત ફરી એકવાર કોરોના વાયરસની ઝપેટમાં આવી શકે છે? આ સવાલનો જવાબ કોવિડ ૧૯ વર્કિંગ ગ્રૂપ નેટજીના પ્રમુખ એનકે અરોરાએ આપ્યો છે. તેમણે કહ્યું, 'અમે સાંભળી રહ્યા છીએ કે કોવિડ ચેપ ચીનમાં વ્યાપકપણે ફેલાઈ રહ્યો છે, જ્યાં સુધી ભારતની વાત છે, ભારતમાં મોટી સંખ્યામાં લોકોને કોવિડ સામે રસી આપવામાં આવી છે. રસીઓ ખાસ કરીને પુખ્ત વસ્તી માટે રજૂ કરવામાં આવી છે.

એનકે અરોરાએ વધુમાં જણાવ્યું હતું કે ઈન્સાકોગડેટા દર્શાવે છે કે વિશ્વમાં દરેક

● અનુસંધાન પાન-૭ પર


